Published Date:	27 Jul 2026	Publication:	Divya Bhaskar (Gujarati) [Ahmedabad]
Journalist:	Bureau	Page No:	11
Circulation:	249,767		

એસઆઈએફ કેટેગરી કેવી રીતે રોકાણમાં વધુ સુગમતા લાવી રહી છે



આ બાબત બની ગઈ ત્યારે સ્પેશિયલાઇઝ્ડ ઇન્વેસ્ટમેન્ટ ફંડ (એસઆઈએફ) શ્રેણી એવો જ એક નવો વિકલ્પ છે, જે હવે ધીમે-ધીમે રોકાણકારોનું ધ્યાન ખેંચી રહ્યો છે. જોકે આ શ્રેણી હજુ વિકાસના તબક્કામાં છે અને સામાન્ય રિટેલ રોકાણકારો માં તેનો વ્યાપક સ્વીકાર થયો નથી.

એસઆઈએફમાં ફંડ મેનેજરોને બજારનું મૂલ્યાંકન અને પરિસ્થિતિને આધારે કુલ બજારમાં રોકાણનું પ્રમાણ બદલવાની છૂટ હોય છે. એટલે કે, જ્યારે બજારનું મૂલ્યાંકન આકર્ષક જણાય ત્યારે ઇક્વિટીમાં રોકાણ વધારી શકાય છે.

એસઆઈએફમાં લોંગ અને શોર્ટ એમ બંને પ્રકારની રોકાણ વ્યૂહરચનાઓનો ઉપયોગ કરી શકાય છે. એસઆઈએફમાં એવી પોઝિશન પણ લઈ શકાય છે જે બજારમાં ઘટાડો થાય ત્યારે પણ લાભ મેળવવામાં મદદરૂપ બની શકે.

જોખમ સામે હેજિંગ કરી શકાયઃ એસઆઈએફ બજારના અલગ-અલગ તબક્કા પ્રમાણે પોતાને અનુકૂળ બનાવી શકે છે. બજારમાં ભારે વધઘટ અથવા ઘટાડો હોય ત્યારે તે બજારની સીધી અસર પરાવર્તન રોકાણ ઘટાડી શકે છે અથવા જોખમ સામે હેજિંગ કરી શકે છે. જ્યારે બજાર લાંબા સમય સુધી એક જ મર્યાદામાં રહે ત્યારે આર્બિટ્રેજ વ્યૂહરચના અપનાવી શકે છે.

બજારના વિવિધ ચક્રો દરમિયાન વધુ સુગમતા પ્રદાન કરવીઃ સામાન્ય રોકાણકાર માટે એસઆઈએફ એ રોકાણની દુનિયામાં થઈ રહેલું એક મોટું પરિવર્તન દર્શાવે છે. બજારના વિવિધ ચક્રો દરમિયાન વધુ સુગમતા પ્રદાન કરવાની તેની ક્ષમતા હોવા છતાં, તેમાં રોકાણ કરતા પહેલાં તેની રચના, તેમાં રહેલા જોખમો અને તે પોતાની જરૂરિયાતને અનુરૂપ છે કે નહીં તેની સારી સમજ હોવી જરૂરી છે. બજારો જેમ જેમ બદલાતા જશે, તેમ તેમ રોકાણ કરવાની પદ્ધતિઓમાં પણ પરિવર્તન આવશે. રોકાણમાં સુગમતા હવે વધુ મહત્વનું સ્થાન મેળવી રહી છે, તે દરેક રોકાણકાર માટે એક્સપર્ટ્સ ડીલ્સ બને તે જરૂરી નથી.

લેખક-ફંડ મેનેજર - એસઆઈએફ, ટાટા એસેટ મેનેજમેન્ટ

Digitally Managed by PDF